ગાંધીનગર સમાચાર

બાર્ડ નિગમ અને સંસ્થાઓના આવાસો અંગે મુદત વધારવા ટુંકમાં નિર્ણય લેવાશે

# પાણી-ગટર વેરાની વસુલાત માટે આગામી માર્ચ મહીનાથી ઝુંબેશ

## ગત વર્ષના અંતે તંત્રના ચોપડે પાણી ગટર વેરા વસુલાત અન્વયે ૫૦ લાખનુ માંગણુ હજુ બાકી

ગાંધીનગર તા ૨૮

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે આગામી માર્ચ મહીનાથી ઝુંબેશ હાથ ધરાશે. જો કે તંત્રના ચોપડે વસુલાત મામલે જુની ઉધારીનો આંકડો પણ મોટો છે. સેકટરો તેમજ શહેરી વિસ્તારના ગામોમાંથી હજુ પણ અંદાજે ૫૦ લાખની વસુલાત તંત્રના ચોપડે બાકી છે. જુના સેકટરો તેમજ શહેરી વિસ્તારના ત્રણ ગામોમાંથી જ રૂ ૩૬.૫૭ લાખની વસુલાત બાકી છે. જયારે દરવર્ષની જેમ આગામી વર્ષ માટે એડવાન્સ વેરો વસુલવા માટે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. બીલ વિતરણ માટે એજન્સીને કામ સોંપી દેવાયુ છે.

શહેર તેમજ આસપાસના ગામોમાં પાણી વિતરણ માટે સરકાર દ્વારા પ્રતિવિર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. સેકટરોમાં રહીશોના ઘર સુધી નળમાં પાણી પહોંચતુ કરવા માટે વિતરણ વ્યવસ્થામાં લાઈટ બીલ સહીત વોટર સપ્લાય બોર્ડના ચુકવણા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જયારે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરમાં પાણી વિતરણમાં મીટર પધ્ધતિના અભાવ વચ્ચે સેકટરોમાં પાણીનો બેફામ બગાડ થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે પાણી ગટર વેરાની વસુલાત મામલે પણ નબળુ ચિત્ર ઉપસી આવ્યુ છે. પાણીના વપરાશ બાદ પાણી ગટરનો વેરો ચુકવવા માટે પણ નાગરિકોમાં નિરસતા જોવા મળી રહી છે. જીવન જરૂરિયાત માટે અનિવાર્ય પાણીનો વેરો ન ચુકવાતો હોય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા પણ આકરા પગલા ન લેવાતા બાકીદરોને પણ ફાવતુ મળી ગયુ છે. આવા સંજોગોમાં પ્રતિવર્ષ હાથ ધરાતી વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ તંત્રના

● અનુસંધાન પાન-૭ પર

# મોસમના મિજાજમાં બદલાવ યથાવત

## ઠંડીનો પારો દોઢ ડીગ્રી ઉતર્યો : દિવસે ગરમી : લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેવડો તફાવત : નગરજનો મોસમની અસરથી પ્રભાવિત



ગાંધીનગર તા ૨૮

શહેરમાં મૌસમના મિજાજમાં હજુપણ બદલાવ જોવા મળે છે. દિવસ અને રાત્રિના મોસમની અસર વિપરિત વર્તાઈ રહી છે. અલબત્ત દિવસે ઉનાળા જેવી ગરમી અને રાત્રિના ઠંડીના ચમકારાથી બેવડી ઋતુનો અનુભવ કરતા નગરજનો મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત થયા છે. ગત દિવસોમાં ઉનાળા જેવો આકરો તાપ અનુભવ્યા બાદ ઠંડીનો પારો ફરી ઉંચકાયો હતો. જેના લીધે છેલ્લા બે દિવસથી ફરી ઠંડીનો ચમકારો અનુભવાય છે. પરંતુ દિવસના સમયે હજુપણ ગરમીનો અહેસાસ નગરજનો કરી રહયા છે. આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળ્યો હતો. ઠંડીનો પારો ૧૨.૮ ડી ગ્રીએ સ્થિર થયો હતો. જયારે મહત્તમ તાપમાન ૨૬.૫ ડી ગ્રી રહેતા દિવસે ગરમી છવાયેલી હતી.

શિયાળાની મોસમ છેલ્લા એક સપ્તાહથી નગરજનોને વિચિત્ર અનુભવ કરાવી રહી છે. મોસમનો મિજાજ સતત બદલાતો રહેતા જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. બે ચાર દિવસો પુર્વે વાતાવરણમાંથી ઠંડી સદંતર અદ્રશ્ય થઈ જતા નગરજનો ઉનાળાની ઋતુ જેવો અહેસાસ કરી રહયા હતા. જયારે બે દિવસના નાટયાત્મક પલ્ટાના અંતે ગતરાત્રે અચાનક જ ઠંડીન પ્રમાણ વધી ગયુ હતુ. જેના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બે લાખ બાળકોને પોલીયોના ટીપાં પીવડાવાશે

## આજે પલ્સ પોલિયો અભિયાન : શહેરી વિસ્તારમાં ૧૦૫ બુથ, ૧૧ મોબાઈલ ટીમ તો જિલ્લામાં ૮૦૭ બુથ, ૧૦૧ મોબાઈલ ટીમ કાર્યરત રહેશે : જિલ્લામાં ૧૫૦ જેટલા સંવેદનશીલ વિસ્તારો : ૨૦૦૦ કિલો બરફ વપરાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાનના પ્રથમ રાઉન્ડમાં ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બે લાખ જેટલા બાળકોને આવરી લેવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં આ માટે ૧૦૫ જેટલા બુથ ઉભા કરવામાં આવ્યા છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં ૮૦૭ જેટલા બુથ ઉભા કરવામાં આવ્યા છે. આ માટે પાંચ હજાર જેટલા કર્મચારીઓ ફરજ પર હાજર રહી અને જોડાશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે ૮૦૭ બુથ ઉભા કરાયા છે. આ ઉપરાંત ૧૦૧ મોબાઈલ ટીમ અને ૨૨ ટ્રાન્સીટ ટીમો બનાવવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧,૭૭,૦૭૯ બાળકો સર્વેમાં જણાયા છે. ગયા વર્ષે બુથ કવરેજ ૯૨ ટકા જેટલુ નોંધાયું હતુ જે આ વર્ષે ૯૫ ટકા સુધી લઈ જવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારમાં બાળકો માટે ૧૨૩૪૦ વાયલ વેકસીનની જરૂરિયાત થશે જે માટેનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ અભિયાન માટે ૮ હજાર આઈસ પેક અને ૧૮૫૦ કિલો બરફની જરૂરિયાત રહેશે.

આજના આ અભિયાનમાં જિલ્લાના દરેક ગામ અને બાળકને આવરી લેવા માટે ૧૫૦ જેટલા વાહનો પણ આરોગ્ય તંત્ર દ્વારા ઉપયોગમાં લેવામાં આવનાર છે.

દરેક તાલુકા કક્ષાએ અભિયાનનું સારી રીતે મોનીટરીંગ થાય તે માટે ચારેય તાલુકામાં લાયઝન અધિકારીઓ નિમવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં મમતાબેન દત્તાણી, દહેગામમાં જિલ્લા ક્ષય અધિકારી ડૉ. સોલંકી, માણસામાં ડૉ. દિલીપ ઠાકર અને કલોલમાં ડૉ. તુલશ્યાનની નિમણનુંક કરવામાં આવી છે.

શહેરી વિસ્તારમાં પણ ૧૦ મોબાઈલ ટીમ અને ૧૦૭ બુથ ઉભા કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રી રૂપાણી પલ્સ પોલિયો અભિયાનનો આરંભ કરાવશે

ગાંધીનગર, તા. ૨૮

આજે પલ્સ પોલિયો અભિયાનનો રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સવારે ૮ વાગે કોન્યુનીટી સેન્ટર ખાતે બાળકોને રસી પિવડાવી આરંભ કરાવશે. મુખ્યમંત્રી રૂપાણી આ પ્રસંગે ઈ.વીન (વેકસીન સ્ટોરેજના મોનીટરીંગ માટે) બનાવેલ સોફટરનું પણ લોકાર્પણ કરશે. પલ્સ પોલિયો અભિયાનને સફળ બનાવાવ માટે તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

# ડેપોમાં શહેરી બસ સ્ટેન્ડ પાસેના જોખમી માર્ગની સુધારણાનુ કામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી આંતરિક માર્ગો બિસ્માર હાલતમાં છે. શહેરી બસ સ્ટેન્ડ પાસેનો માર્ગ પણ તુટેલી હાલતમાં હોવાના લીધે બસ ચાલકો તેમજ મુસાફરો માટે શિરદર્દ ઉભો થયો છે. જેને ધ્યાને લઈ ડેપો તંત્ર દ્વારા આ માર્ગનુ ત્વરિત નવીનિકરણ હાથ ધરવામાં આવ્યુ છે. લાંબા સમયના અંતે ડેપો સંકુલમાં માર્ગનુ કામ હાથ ધરાશે.

ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. જયારે ડેપો સંકુલમાં મુસાફરોલક્ષી સુવિધાઓનો પણ અભાવ વર્તાય છે. ગંદકીના ઢગ અને પાનની પિચકારીથી કંગાળ ભાસતા ડેપો સંકુલની સફાઈ માટે દંડનીય કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જયારે ડેપો સંકુલની સફાઈ માટે સી સી ટી વી કેમેરાની વોચ પણ રાખવામાં આવી રહી છે. બીજીતરફ સલામત સવારી માટે ડેપો સંકુલનુ આંતરિક રોડ નેટવર્ક પણ યોગ્ય ન હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. છેલ્લા કેટલાક સમયથી ડેપો સંકુલમા શહેરી બસ સ્ટેન્ડ પાસેનો માર્ગ ઉબડ ખાબડ બની ગયો છે. તુટેલા રસ્તાના લીધે મુસાફરોને હાલાકી વેઠવાનો વોરો આવે છે. ડેપો સંકુલના આંતરિક માર્ગો છેલ્લા ઘણાં સમયથી બિસ્માર હાલમતાં છે. જેના લીધે ડ્રાઈવારેની મુશ્કેલી પણ વધી છે. આવા સંજોગોમાં ડેપોમાં સ્થિત શહેરી બસ સ્ટેન્ડને અનુલક્ષી માર્ગ નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ટુંકમાં જ કામ પુર્ણ કરી દેવાશે લાંબા સમયના અંતે ડેપો સંકુલમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાતા સલામત સવારીના ડ્રાઈવરોને પણ હાંશ થશે.

# શહેર ભાજપની કારોબારીમાં વોર્ડ-૧ના પ્રમુખે રાજીનામુ આપ્યુ

## વાયબ્રન્ટના સફળ આયોજન માટે અભિનંદન આપતો પ્રસ્તાવ તેમજ રાજકીય ઠરાવ પણ પસાર કરાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર ભાજપની કારોબારીમાં સે. ૨૬,૨૭માં પાણીની સમસ્યાના મુદ્દે ચર્ચા દરમ્યાન થયેલ ચડસાચડસીમાં વોર્ડ નં. ૧ ના પ્રમુખ ધર્મેન્દ્ર પટેલે હોદ્દો પરથી રાજીનામુ આપી દેતાં અને તેમના સમર્થનમાં ૨૦થી પણ વધુ આગેવાનો સભાસ્થાન છોડી જતાં શહેરના રાજકીય વાતાવરણમાં એકાએક ગરમાવો આવી જવા પામ્યો છે.

આજે શહેર ભાજપની કારોબારી બેઠક પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ તેમજ પ્રદેશ અગ્રણી રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં મળી હતી.

પ્રદેશ મહામંત્રી સાથે જ વોર્ડ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ પટેલને શબ્દોની આપ-લે થઈ હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે. ધર્મેન્દ્ર પટેલને એક તબક્કે રાજીનામુ આપી દેવા જણાવતાં તેમણે કહ્યું હતું કે હું રાજીનામુ ખીસ્સામાં લઈને જ ફરૂ છુ લો આ રાજીનામુ એમ કહી તે સભાખંડ છોડી જતા રહ્યા હતા. આ પછી તેમના સમર્થનમાં ૨૦થી વધુ અન્ય આગેવાનો પણ બહાર નીકળી ગયા હતા.

જો કે આ પછી બંધ બારણે ભાજપની કારોબારી બેઠક આગળ ચાલી હતી. આ બેઠકમાં શહેરના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓ અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

વિસ્તારક યોજનાની વિસ્તૃત સમજ આ બેઠકમાં આપવામાં આવી હતી. આ બેઠકમાં વાયબ્રન્ટના સફળ આયોજન માટે તેમજ રેલવે સ્ટેશન પર હોટલ નિર્માણ કરવાના કાર્યક્રમ માટે અભિનંદન આપતો પ્રસ્તાવ પસાર કર્યો હતો. રાજકીય ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.



બાલિકા નૃત્ય - સેંટ ઝેવિયર્સના નાના-નાના ભૂલકાઓનો સ્પોર્ટસ-ડે ઉજવાયો હતો... સ્પોર્ટ્સ-ડેની ઉજવણીના ભાગરૂપે બાલિકાઓએ નૃત્યની પ્રસ્તુતિ કરી હતી... બાલિકાઓના આત્મવિશ્વાસથી વાલીઓ અને શિક્ષકોએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી...

# બાર્ડ નિગમ અને સંસ્થાઓના આવાસો અંગે મુદત વધારવા ટુંકમાં નિર્ણય લેવાશે

## સેકટરોમાં ૪ હજાર જેટલા મકાનો બોર્ડ નિગમ અને સંસ્થાઓને ફળવાયા છે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો પૈકી અંદાજિત ૪ હજાર જેટલા મકાનો બાર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવ્યા છે. જો કે ગત જુન મહીનાના અંતે આવાસની ફાળવણી મામલે મુદત વધારવામાં આવી નથી. જેના લીધે સરકારી ચોપડે આવાસોના ભાડાની આવકના નામે પણ મીંડુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. લાંબા સમયના અંતે હવે ટુંકમાં આ મામલે સરકાર કક્ષાએથી નિર્ણય લેવાશે.

શહેરમાં સરકારી આવાસોની સંખ્યા ઘટી છે. અલબત્ત નિકાલ હેઠળના મકાનોને તોડી નંખાયા બાદ હાલ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. ત્યારે હાલ સેકટરોમાં વિવિધ કેટેગરીના મકાનો રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોવાના લીધે તંત્ર દ્વારા તબક્કાવાર મજબુતીકરણની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ મોટાભાગના મકાનો રહેણાંકને લાયક ન હોવાનુ ચિત્ર ઉપસી આવતા સરકારી કર્મચારીઓની મકાન માટેની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. તંત્રના ચોપેડ પ્રતિક્ષા યાદી મોટી છે.પરંતુ રહેણાંકને લાયક મકાનો ન હોવાના લીધે તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે. ત્યારે શહેરમાં સ્થિત સરકારી મકાનો પૈકી ૪ હજાર જેટલા આવાસો બાર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવ્યા છે.

જયારે આ મામલે ગત જુન ૨૦૧૬ બાદ મુદત લંબાવાના મામલે વિભાગ દ્વારા કોઈ નિર્ણય લેવાયો નથી. અગાઉ આ આવાસો ખાલી કરાવી દેવાનો નિર્ણય લેવાયા બાદ સરકાર કક્ષાએથી ફરિ એકવાર વર્ષની મુદત લંબાવી દેવાઈ હતી.


અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર
૭૪૩, સોમેશ્વર સોસાયટી, ખ રોડ, સેક્ટર-૨૭, ગાંધીનગર
ઉમેશભાઈ : મો. ૯૪૨૬૪ ૧૫૭૯૯, ગોવિંદભાઈ : મો. ૯૪૨૮૬ ૦૬૯૨૨
અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા પરિવાર પરિચય પુસ્તિકા-૨૦૧૭ આખરી તબક્કામાં છે. ઘણા સભ્યોની માહિતી બાકી છે. તો બાકી રહેલ સભ્યોએ ઉપરોક્ત સરનામે તા. ૨૯-૦૧-૧૭ને રવિવારના રોજ સવારે ૧૦થી ૧૨ અથવા સાંજે ૪ થી ૬ કલાક સુધીમાં મુખ્ય વ્યક્તિના ફોટા સાથે રૂબરૂ આવી ફોર્મ ભરી જવા વિનંતી છે જેમણે અગાઉ ફોર્મ ભર્યા છે તેના પ્રુફ તૈયાર હોવાથી તેઓ પણ પ્રુફ જોઈ શકે છે. તથા સભ્યશ્રીઓના ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતાં બાળકોના માર્ચ-૨૦૧૬માં લેવાયલી પરીક્ષાના પરિણામના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ અને તેની પાછળના ભાગે નામ સરનામા અને સંપર્ક નંબર લખી ઉપરોક્ત સરનામે અને સમયે પહોચાડવા વિનંતી છે.



મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com